BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટમાં પસંદગીના શેરોની ખરીદીએ સુધારો રહ્યો, નિફ્ટી 25100ના સ્તરે

વીકલી એક્સપાયરીએ શેરબજાર અસ્થિરતા સાથે લાલ નિશાનમાં બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 17

ભારતીય શેરબજારમાં વીકલી એક્સપાયરીના પગલે નરમાઈનો દોર જોવા મળ્યો હતો. સેન્સેક્સ 375 પોઈન્ટ તૂટયો હતો. જ્યારે નિફ્ટી 25200ની નીચે સરકી ગઈ હતી. જેના લીધે રોકાણકારોને રૂ. 46000 કરોડનું નુકશાન થયું હતું.

આજે શેરબજારમાં સાપ્તાહિક એક્સપાયરીની અસર જોવા મળી હતી અને ભારે અનિશ્ચિતતા વચ્ચે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે શેરબજારના ઘટાડાના કારણોમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલને પદ પરથી હટાવવાનું વિચારી રહ્યા છે, જેના લીધે ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા પર તરાપ વાગશે અને રોકાણકારો નર્વસ જોવાયા હતા. બીજું કે યુએસ ફ્યુચર પણ નબળા સંકેતો આપી રહ્યા હોવાથી બજારના સેન્ટિમેન્ટને અસર કરી હતી. જ્યારે મોટા ભાગની આઈટી કંપનીઓના જુન ક્વાર્ટરના પરિણામ નિરાશાજનક રહ્યા હોવાથી સમગ્ર સેકટરમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું.

સેકટર વાઈઝ જોઈએ તો રિયલ્ટી, મેટલ અને ફાર્મા સેકટરમાં સુધારો જોવાયો હતો. આ ઉપરાંત, એફએમસીજી અને એનર્જી સેકટરમાં ધીમો સુધારો રહ્યો હતો. બીજી તરફ, સૌથી નબળું આઈટી સેકટર રહ્યું હતું, તેની સાથે પીએસયુ બેન્ક, ઈન્ફ્રા અને મીડિયા સેકટરમાં પણ નરમાઈ રહી હતી. માર્કેટ કેપમાં 46 હજાર કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું. જે રૂ. 460.72 લાખ કરોડ પર પહોંચી ગયું છે. બીએસઈ સેન્સેક્સમાં 375.24 પોઈન્ટ એટલે કે 0.45 ટકા વધીને 82259.24 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82757.09 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 82219 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 100.60 પોઈન્ટ એટલે કે 0.40 ટકા ઘટીને 25111.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25238 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25101 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 340.15 પોઈન્ટ એટલે કે 0.60 ટકા ઘટીને 56828.80 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે બેન્ક નિફ્ટી 57000 પોઈન્ટની સપાટી તોડી હતી.

બીએસઈ ખાતે સોના બીએલડબલ્યુમાં 18.53 ગણા, એડબલ્યુએલ એગ્રી બિઝનેસમાં 11.52 ગણા, કલ્પતરૂ પ્રોજેક્ટમાં 11 ગણા, થર્મેક્સ લિ.માં 7.46 ગણા અને ચાલેટ હોટલ્સમાં 5.23 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે થર્મેક્સ લિ.માં 25.31 ગણા, પીએનસી ઈન્ફ્રાટેકમાં 22.23 ગણા, એડબલ્યુએલમાં 10.67 ગણા, ગોદાવરી પાવરમાં 9.38 ગણા અને સોના બીએલડબલ્યુમાં 8.72 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો આગળ વધ્યો હતો. જેમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.07 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.30 ટકા વધ્યા હતા. જોકે, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 2013 શેરો વધ્યા હતા, જ્યારે 2033 શેરો ઘટયા હતા અને 153 શેરો યથાવત રહ્યા હતા.

દિગ્ગજ આઈટી કંપનીઓના નબળા પરિણામથી આઈટી સેકટરનું સેન્ટિમેન્ટ નબળું રહેતા તમામ આઈટી કંપનીઓના શેરોમાં વેચવાલી રહી હતી અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.39 ટકા ઘટયો હતો. જેમાં એલટીઆઈ માઈન્ડટ્રી, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ, ઈન્ફોસીસ, એમફાસીસ, એચસીએલ ટેકનો, કોફોર્જ, ટીસીએસ સહિતની કંપનીઓના શેરોમાં નરમાઈ રહી હતી.

વૈશ્વિક સ્તરે યુરો ઝોનનો સીપીઆઈ જુનમાં વધીને 2 ટકા થયો હતો, જે મે મહિનામાં 1.9 ટકાનો હતો, જે ફુગાવામાં થોડો વધારો સુચવે છે. દરમ્યાન યુકેનો બેરોજગારી દર મે મહિનામાં વધીને 4.7 ટકા થયો હતો, જે અગાઉના મહિનામાં 4.6 ટકા હતો. જોકે, યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો પણ પોઝિટિવ બંધ રહ્યા હતા. રોકાણકારોએ નિકાસમાં જાપાનના સતત બીજા માસિક ઘટાડાને પચાવી લીધો હતો અને નાણાકીય નીતિ અ વેપાર પર ટ્રમ્પે વિરોધાભાસી સંકેતો આપ્યા હતા. મે મહિનામાં 1.7 ટકાના ઘટાડા બાદ જુનમાં જાપાનની નિકાસ વાર્ષિક ધોરણે 0.5 ટકા ઘટી હતી. જે સતત નબળાઈના સંકેત આપે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.30 ટકા, કેક 0.98 ટકા અને ડેક્સ 0.92 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.60 ટકા, સ્ટ્રેઈટસ 0.70 ટકા, તાઈવાન 0.30 ટકા, કોસ્પી 0.19 ટકા, જકાર્તા 1.30 ટકા અને શાંઘાઈ 0.37 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-375.24	82259.24
નિફ્ટી	-100.60	25111.45
બેન્ક નિફ્ટી	340.15	56828.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા કન્ઝ્યુમર	2.25	1105.80
ટાટા સ્ટીલ	1.63	159.90
હિન્દાલ્કો	1.17	674.55
ટ્રેન્ટ	0.66	5417.50
ટાઇટન કંપની	0.47	3433.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	2.75	1563.70
ઇન્ડસઇન્ડ બેન્ક	1.67	865.10
ઇન્ફોસીસ	1.52	1583.50
એસબીઆઇ લાઇફ	1.44	1802.80
એચસીએલ ટેકનો	1.21	1543.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.62	159.85
ટ્રેન્ટ	0.68	5417.60
ટાઇટન કંપની	0.45	3431.45
ટાટા મોટર્સ	0.41	681.75
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.30	12491.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	2.76	1563.50
ઇન્ફોસીસ	1.61	1582.70
એચસીએલ ટેકનો	1.20	1544.10
ઇર્ટનલ	0.97	259.75
લાર્સન-ટુબ્રો	0.78	3474.30

ડોલર મજબૂત થતાં રૂપિયો તૂટીને 86ને પાર

કરન્સી બજારમાં ડોલરમાં સતત મજબૂતાઇ આગળ વધી હતી અને આજે ડોલર 86ને પાર નીકળી ગયો હતો. આમ, રૂપિયો વધુ નબળો પડ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 13 પૈસા ઘટીને 86.08ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.95ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 100.09, પાઉન્ડ 114.77, કેનેડિયન ડોલર 62.37, ઓસ્ટ્રેલિયન ડોલર 55.95, જાપાનીઝ યેન 0.5791 અને સિંગાપોર ડોલર 66.72ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	86.08 રૂ.
યુરો	100.09 રૂ.
પાઉન્ડ	114.77 રૂ.
યેન	0.5791 રૂ.

ભાજપની સરકાર ભારતનો ઈતિહાસ નવેસરથી લખાવવાનો પ્રયાસ કરી રહી છે

ઇતિહાસ હમેશાં વિજેતાના દૃષ્ટિકોણથી જ લખાતો હોય છે. ભારતમાં પહેલાં મુસ્લિમોનું અને પછી બ્રિટીશરોનું શાસન હતું ત્યારે ભારતનો જે ઇતિહાસ લખાયો તે ભારતના શાસનકર્તાઓ દ્વારા જ લખાવાયો હતો. ભારતને ૧૯૪૭માં આઝાદી મળી, પણ પછી જે કોંગ્રેસની સરકાર બની તેને મુસ્લિમો અને બ્રિટીશરો માટે ફૂણી લાગણી હોવાથી તેણે મુસ્લિમો અને અંગ્રેજો દ્વારા લખાયેલો ઇતિહાસ મામૂલી ફેરફારો સાથે સ્કૂલોમાં અને કોલેજોમાં ભણાવવાનો ચાલુ રાખ્યો હતો. હવે ભારતમાં કટ્ટર હિન્દુત્વનો એજન્ડા ધરાવતી સરકાર આવી ગઈ છે અને જામી પણ ગઈ છે ત્યારે તેણે ઇતિહાસને ફરીથી લખવાની કસરત શરૂ કરી છે. આજ સુધી ભારતની સ્કૂલોમાં જે ઇતિહાસ ભણાવવામાં આવતો હતો તેમાં ભારત પર રાજ કરી ગયેલા મુગલ શાસકોનું મહિમામંડન કરવામાં આવતું હતું. હવે તેમાં શીર્ષાસન જોવા મળશે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) કહે છે કે ઇતિહાસના કેટલાક કાળા સમયગાળાને સમજાવવું મહત્ત્વપૂર્ણ છે. આ પુસ્તકના એક પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે ભૂતકાળની ઘટનાઓ માટે કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. ધોરણ ૮ ના સામાજિક વિજ્ઞાનના પાઠ્ય પુસ્તક 'એક્સપ્લોરિંગ સોસાયટી: ઇન્ડિયન એન્ડ બિયોન્ડ' નો ભાગ-૧ આ અઠવાડિયે પ્રકાશિત થયો છે.

NCERTનાં નવાં પાઠ્ય પુસ્તકોમાં આ પહેલું પુસ્તક છે જે વિદ્યાર્થીઓને દિલ્હીની સલ્તનત અને મુગલોનો પરિચય કરાવે છે. NCERT ના ધોરણ ૮ ના નવા સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં મુગલ સામ્રાજ્યનો પાયો નાખનારા બાબરને એક બર્બર, હિંસક અને સમગ્ર વસ્તીના વિનાશક તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેમાં અકબરના શાસનને ક્રૂરતા અને સહિષ્ણુતાના મિશ્રણ તરીકે વર્ણવવામાં આવ્યું છે. આ ઉપરાંત ઔરંગઝેબને મંદિરો અને ગુરુદ્વારાઓનો નાશ કરનાર તરીકે વર્ણવવામાં આવ્યો છે. NCERT ના નવા પુસ્તકમાં ૧૩મી થી ૧૭મી સદી સુધીના ભારતીય ઇતિહાસનો સમાવેશ થાય છે. આ પુસ્તકમાં સલ્તનત કાળને લૂંટફાટ અને મંદિરોના વિનાશના સમયગાળા તરીકે દર્શાવવામાં આવ્યો છે. અગાઉના પુસ્તકમાં સલ્તનતકાળને આ સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો ન હતો. આ પાઠ્યપુસ્તકો વિવાદનો મધપૂડો છંછેડે તેવી સંભાવના છે.

NCERT ના નવા પાઠ્ય પુસ્તકમાં લખ્યું છે કે અકબરે ચિત્તોડનો કિલ્લો કબજે કર્યો ત્યારે તેની ઉમર ૨૫ વર્ષની હતી અને તેણે ૩૦ હજાર નાગરિકોનો સંહાર કરીને બાળકો અને મહિલાઓને ગુલામ બનાવવાનો આદેશ આપ્યો હતો. આ પુસ્તકમાં અકબરને એમ કહેતાં ટાંકવામાં આવ્યો છે કે ''અમે કાફિરોના ઘણા કિલ્લાઓ અને નગરો કબજે કર્યાં છે અને ત્યાં ઇસ્લામ સ્થાપિત કર્યો છે. અમે લોહીલુહાણ તલવારોની મદદથી કાફિરોના મનમાંથી તેમનાં નિશાન ભૂંસી નાંખ્યાં છે. અમે ત્યાંનાં મંદિરોનો પણ નાશ કર્યો છે.''પુસ્તકમાં લખ્યું છે કે અકબરે તેના પછીના શાસનમાં શાંતિ અને સદ્ભાવના વિશે વાત કરવાનું શરૂ કર્યું. પુસ્તકમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઔરંગઝેબે શાળાઓ અને મંદિરોને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. બનારસ, મથુરા અને સોમનાથ સહિતનાં જૈન મંદિરો અને શીખ ગુરુદ્વારાઓનો પણ નાશ કરવામાં આવ્યો હતો. તેમાં પારસીઓ અને સૂફીઓ પર મુગલોના અત્યાચારોનો પણ ઉલ્લેખ છે.

ભારતનો જમણેરી પક્ષ ભાજપ ફક્ત ૨૦૦ વર્ષના બ્રિટિશ શાસનને ગુલામીનો સમયગાળો જ નથી માનતો પરંતુ સમગ્ર મધ્યયુગીન સમયગાળાને ગુલામ ભારત તરીકે પણ જુએ છે. ૧૧ જૂન, ૨૦૧૪ ના રોજ વડા પ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદી પહેલી વાર લોકસભામાં પોતાના પહેલા જ ભાષણમાં મોદીએ કહ્યું હતું કે ''૧,૨૦૦ વર્ષની ગુલામીની માનસિકતા આપણને પરેશાન કરી રહી છે.''વડા પ્રધાનના આ નિવેદનથી એકસાથે અનેક પ્રશ્નો ઊભા થયા હતા. શું ભારત ૧,૨૦૦ વર્ષ સુધી ગુલામ રહ્યું? શું બ્રિટિશ શાસન પહેલાં પણ ભારત

ટુંકી પોઈન્ટ
સમકિત શાહ

ગુલામ હતું? જ્યારે વડા પ્રધાન મોદીએ ૧,૨૦૦ વર્ષની ગુલામી વિશે વાત કરી, ત્યારે તેમણે કહ્યું કે ૮મી સદી (ઇ.સ. ૭૧૨) માં સિંધના હિન્દુ રાજા પરના મીર કાસિમના હુમલાથી ૧૯૪૭ સુધી ભારત ગુલામ હતું.

ભારતમાં બ્રિટિશ શાસન આશરે ૧૭૫૭ થી ૧૯૪૭ સુધી ચાલ્યું હોવાનું માનવામાં આવે છે. આ મુજબ ભારતે બાકીનાં ૧,૦૦૦ વર્ષ મુસ્લિમ શાસકો હેઠળ ગુલામીમાં વિતાવ્યાં હતાં. ભારતમાં શાળાનાં પુસ્તકો અનુસાર ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં બંગાળના નવાબ સામે અંગ્રેજોના વિજય પછી ભારતને ગુલામ માનવામાં આવે છે પરંતુ હવે ભારતમાં ઇતિહાસ બદલવાની વાત થઈ રહી છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે મધ્યયુગીન કાળમાં મુસ્લિમ શાસકો આક્રમણખોર હતા અને તેમણે ભારતને ગુલામ તરીકે રાખ્યું હતું. ભાજપ હવે મધ્યયુગના મુસ્લિમ શાસકોને આક્રમણકારો કહે છે. ઇતિહાસના વિદ્વાન અને જહાંગીર પર લખાયેલ પુસ્તક 'ઇન્ટિમેટ પોર્ટ્રેટ ઓફ અ ગ્રેટ મુગલ'ના લેખક પાર્વતી શર્મા કહે છે કે ''સત્તા માટે એક રાજ્ય દ્વારા બીજા રાજ્ય પર હુમલો કરવો એ કોઈ નવી વાત નહોતી. મૌર્યોનું શાસન અફઘાનિસ્તાન સુધી વિસ્તર્યું હતું, તેથી તેઓ પણ આક્રમણકારો હતા. આપણે કોઈ પણ સ્વરૂપમાં સત્તાનો વિસ્તાર કરવાની અને સત્તા મેળવવાની ઇચ્છાને જોઈ શકીએ છીએ. આ ઇચ્છાનો કોઈ ખાસ ધર્મ સાથે કોઈ સંબંધ નથી.'' ઘણાં લોકો NCERT ના આ ફેરફાર પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે સરકાર જાણી જોઈને ઇતિહાસને ખોટી રીતે રજૂ કરી રહી છે. ઓલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સ્થાપક સભ્ય પ્રોફેસર મોહમ્મદ સુલેમાને જણાવ્યું હતું કે હાલમાં સત્તામાં રહેલાં હિન્દુત્વવાદી સંગઠનો અને વિચારધારાઓ ઇતિહાસ સાથે ચેડાં કરી રહ્યાં છે. કોઈ પણ વિકસિત સમાજ ત્યારે જ પ્રગતિ કરી શકે છે જ્યારે ઇતિહાસને વાસ્તવિકતાના સંદર્ભમાં લેવામાં આવે પરંતુ આપણી સરકાર ઇતિહાસને વિકૃત કરી રહી છે. આનાથી દેશને કોઈ ફાયદો થઈ રહ્યો નથી. તેઓ અંધ ભક્તોને ગેરમાર્ગે દોરી શકે છે પરંતુ જ્યારે વિશ્વમાં ઇતિહાસ વાંચવામાં આવે છે ત્યારે લોકોને સત્ય ગમશે. તેઓ પોતાના આત્મસન્માનને સંતોષવા માટે કંઈ પણ કરી રહ્યા છે.

NCERT એ તેના જવાબમાં કહ્યું છે કે ધોરણ આઠમા માટેનું નવું સામાજિક વિજ્ઞાનનું પુસ્તક રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને શાળા શિક્ષણ માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા ૨૦૨૩ હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક ૧૩મી સદીથી ૧૯મી સદીના મધ્ય સુધીના ભારતીય ઇતિહાસના સમયગાળાને આવરી લે છે. અમે આ પુસ્તકમાં પુનરાવર્તનને બદલે વિવેચનાત્મક વિચારસરણીને આગળ ધપાવી છે. આ પાઠ્યપુસ્તકમાં અમે એક ખાસ પ્રકરણ રાખ્યું છે જેનું નામ છે : ઇતિહાસના અંધકારમય સમયગાળા પર ટિપ્પણી. આ પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓ ભૂતકાળની સમજ કેળવશે તેમજ આધુનિક ભારતની રચનાનો અભ્યાસ કરશે. આ પાઠ્ય પુસ્તકનાં તમામ તથ્યો વિશ્વસનીય શૈક્ષણિક સ્રોતો પર આધારિત છે. ભારતીય ઇતિહાસને રૂઢિગત બનાવી શકાય નહીં. આપણે એવું બતાવી શકતા નથી કે બધું સારું હતું. ઘણી સારી બાબતો હતી તો ઘણી ખરાબ બાબતો પણ હતી. લોકો પર અત્યાચારો પણ ગુજારવામાં આવતા હતા.

જાણીતા ઇતિહાસકાર સૈયદ ઇરફાન હબીબ કહે છે કે ''ઇતિહાસ તથ્યોના આધારે લખાય છે. જ્યારે તમે તમારી કલ્પનાઓના આધારે ઇતિહાસ લખવાનો પ્રયાસ કરો છો, ત્યારે તે ઇતિહાસ રહેતો નથી. ભારતીય રાજકારણમાં મધ્યયુગનો વિવાદ નવો નથી. અગાઉ પણ મહારાણા પ્રતાપ અને અકબર પર વિવાદ થયો હતો. ૨૦૧૯ માં રાજસ્થાન યુનિવર્સિટીએ ભાજપના એક ધારાસભ્યના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં એ લખવું જોઈએ કે મહારાણા પ્રતાપ અકબર સામે હલ્દીઘાટીનું યુદ્ધ હાર્યા ન હતા. તેઓ કહે છે કે હલ્દીઘાટીમાં મહારાણા પ્રતાપ જીત્યા હતા અને અકબર હારી ગયો હતો, પરંતુ તેઓ કોઈ પણ તથ્યોના આધાર વિના કંઈ પણ કહે છે. હકીકત એ છે કે હલ્દીઘાટીમાં મહારાણા પ્રતાપ અને માનસિંહ લડ્યા હતા. તે બે રાજપૂતો વચ્ચેનું યુદ્ધ હતું. એક અકબર માટે લડી રહ્યો હતો અને બીજો અકબર સામે. મહારાણા પ્રતાપની સેનાનો સેનાપતિ હકીમ ખાન સુરી મુસ્લિમ હતો. આ ધર્મ આધારિત યુદ્ધ નહોતું. આજે આપણે મધ્યયુગીન ભારતને ધર્મનાં ચશ્માંથી જોઈ રહ્યાં છીએ.''

NCERT નાં ધોરણ ૮ ના નવા સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં મુગલ સામ્રાજ્યનો પાયો નાખનારા બાબરને બર્બર, હિંસક અને સમગ્ર વસ્તીના વિનાશક તરીકે વર્ણવવામાં આવ્યો છે

અદાણી જૂથે વિલ્મરમાં વધુ 20 ટકા હિસ્સો વેચ્યો

ટુંકમાં સંપુર્ણપણે બહાર નીકળી જશે

અદાણી કોમોડિટીઝ એલએલપી પાસે એગ્રી બિઝનેસમાં 10.42 ટકા હિસ્સો બાકી રહેશે, તે પહેલેથી નિર્ધારિત રોકાણકારોના જુથને વેચશે

મુંબઈ, તા. 17: અદાણી જુથ અદાણી વિલમર લિ. એગ્રી બિઝનેસમાં પોતાનો સંપુર્ણ હિસ્સો વેચીને સંપુર્ણ રીતે બહાર નીકળી રહ્યું છે. આ અંતર્ગત આ વર્ષે જાન્યુઆરીમાં કેટલાક હિસ્સાનું વેચાણ થયું હતું. આ જુથે હવે સિંગાપોરની વિલ્મર ઈન્ટરનેશનલને વધુ 20 ટકા હિસ્સો રૂ. 7150 કરોડમાં રૂ. 275 પ્રતિ શેરના ભાવે વેચી દીધો છે. અદાણી વિલ્મર એગ્રી બિઝનેસ લિ.નું જુનુ નામ અદાણી વિલ્મર લિ. હતું. અદાણી એન્ટરપ્રાઈઝ અને એડબલ્યુએલ એગ્રી બિઝનેસે 17 જુલાઈના રોજ સ્ટોક એક્સચેન્જને આ અંગેની માહિતી આપી હતી. અદાણી વિલ્મર અને અદાણી જુથ અને વિલ્મર ઈન્ટરનેશનલ વચ્ચેનું સંયુક્ત સાહસ છે.

હાલના 20 ટકાના વેચાણ બાદ અદાણી કોમોડિટીઝ એલએલપી પાસે એગ્રી બિઝનેસમાં 10.42 ટકા હિસ્સો બાકી રહેશે, એમ એક્સચેન્જ ફાઈલીંગમાં જણાવાયું હતું. અદાણી કોમોડિટીઝ એલએલપી અદાણી એન્ટરપ્રાઈઝની પેટા કંપની છે, બાકીનો 10.42 ટકા હિસ્સો વિલ્મર દ્વારા પહેલેથી જ નિર્ધારિત રોકાણકારોના જુથને વેચવામાં આવશે. અગાઉ જાન્યુઆરી 2025માં અદાણી એન્ટરપ્રાઈઝ દ્વારા એડબલ્યુએલ એગ્રી બિઝનેસમાં હિસ્સો વેચવા માટે ઓફર ફોર સેલ લાવવામાં આવી હતી. બેઝ ઓફર 13.5 ટકા એટલે કે 17.54 કરોડ શેર માટે હતી.

જેમાં 1.51 ટકા ઓવરસબસ્ક્રીપ્શનનો વિકલ્પ હતો. ઓફર પરના શેરની કુલ સંખ્યા વધીને રૂ. 19.50 કરોડ થિ જશે. એમ તેમાં જણાવાયું હતું. ઓએફએસમાં શેરનું વેચાણ શેરદીઠ રૂ. 275 ફલોર પ્રાઈઝ પર કરવામાં આવ્યું હતું.

અદાણી એન્ટરપ્રાઈઝે ડિસેમ્બર 2024માં એડબલ્યુએલ એગ્રી બિઝનેસ અથવા અદાણી વિલ્મરનો સંપૂર્ણ 43.94 ટકા હિસ્સો વેચીને બહાર નીકળવાની જાહેરાત કરી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે, હિસ્સાનું વેચાણ બે તબક્કામાં કરવામાં આવશે.

નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરથી બેન્કિંગ સેક્ટરને રાહત મળશે, નફો સુધરશે

નાણાકીય વર્ષ 2026ના ચોથા ક્વાર્ટરમાં ખાનગી બેન્કોનો કુલ પ્રી-પ્રોવિઝન ઓપરેટિંગ પ્રોફિટ રૂ. રૂ. 831 અબજ થશે

નવી દિલ્હી, તા. 17: માર્જિન ઘટવા અને લોન યીલ્ડ ઘટવાના કારણે પ્રથમ હાફના પડકાર બાદ ભારતના બેન્કિંગ સેક્ટરમાં નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં ફરી એકવાર રિકવરી જોવા મળશે. ખાનગી અને જાહેર ક્ષેત્રની બેન્કો સંક્રમણના તબક્કામાં પ્રવેશી રહી છે, જ્યાં ડિપોઝીટના પુનર્મૂલ્યાંકન, પ્રણાલીગત પ્રવાહિતા પ્રવાહ અને એસેટ ક્વોલિટીમાં સુધારો થવાથી આવકમાં વધારો થવા લાગ્યો છે.

મોતીલાલ ઓસવાલના રિપોર્ટ મુજબ આ રિકવરી ધીરે ધીરે થઈ રહી છે અને નાણાકીય વર્ષ 2027માં બે આંકડાની અર્નિંગ ગ્રોથની દિશા નક્કી કરશે.

મોટાભાગની બેન્કોએ બચત ખાતા અને ફિક્સ્ડ ડિપોઝિટના દરોમાં 20-100 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, જેની નાણાકીય વર્ષ 2026ના બીજા છ માસિક ગાળામાં વધુ ગહન અસર થવાની ધારણા છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રેપો રેટમાં ઘટાડા બાદ અને વધુ લિક્વિડિટી સપોર્ટ સાથે નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (એનઆઈએમ) સ્થિર થવાની ધારણા છે અને ત્રીજા ક્વાર્ટરથી આવકમાં વધારો થવાની ધારણા છે. ખાસ કરીને રિટેલ અનસિક્યોર્ડ અને માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન (એમએફઆઈ)ના પોર્ટફોલિયોમાં એસેટ ક્વોલિટીનું દબાણ હળવું થઈ રહ્યું છે, જેના કારણે પ્રોવિઝન રાઈટ-બેક માટે જગ્યા ઊભી થઈ રહી છે. તમામ ક્ષેત્રોમાં કરન્ટ એકાઉન્ટ સેવિંગ્સ એકાઉન્ટ રેશિયોમાં ઘટાડો થયો હોવા છતાં, મજબૂત જવાબદારી પ્રોફાઈલ ધરાવતી બેન્કો માર્જિનના દબાણને પહોંચી વળવા માટે વધુ સારી સ્થિતિમાં છે.

અમેરિકાના ટેરિફથી 2026માં ભારતની નિકાસમાં ઘટાડો થઈ શકે છે: ક્રિસિલનો દાવો

જોકે, સર્વિસીસ બિઝનેસ સરપ્લસ અને મજબૂત રેમિટન્સ ચાલુ ખાતાની ખાધને અમુક અંશે સંતુલિત કરવામાં મદદ કરશે

નવી દિલ્હી, તા. 17: નાણાકીય વર્ષ 2026 માં, ભારતની માલ નિકાસને યુએસ ટેરિફથી પડકારોનો સામનો કરવો પડી શકે છે, એમ રેટિંગ ફર્મ ક્રિસિલના રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. ટેરિફ વધારાનો અમલ ઓગસ્ટથી થવાની ધારણા છે, એમ અહેવાલમાં જણાવાયું હતું. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર સોદા અને એક મહત્વપૂર્ણ દેખરેખ કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે.

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અનુસાર, 2025માં કોમોડિટી વેપારના વોલ્યુમમાં 0.2 ટકાનો ઘટાડો થવાની સંભાવના છે. જ્યારે 2024માં તેમાં 2.9 ટકાનો વધારો નોંધાયો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે 2025માં વૈશ્વિક વિકાસ દર ૩.૩ ટકાથી ઘટીને 2.9 ટકા થવાની ધારણા છે. ભારતના સૌથી મોટા નિકાસ સ્થળ અમેરિકામાં વૃદ્ધિ દર 2.8 ટકાથી ઘટીને 1.7 ટકા રહેવાની ધારણા છે. જેના કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો મર્ચેન્ડાઈઝ ટ્રેડ દબાણમાં આવે તેવી ધારણા છે. જોકે ચાલુ ખાતાની ખાધ નાણાકીય વર્ષ 2026માં જીડીપીના 1.3 ટકાના સુરક્ષિત ઝોનમાં રહેવાની ધારણા છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે સર્વિસીસ બિઝનેસ સરપ્લસ અને મજબૂત રેમિટન્સ ચાલુ ખાતાની ખાધને અમુક અંશે સંતુલિત કરવામાં મદદ કરશે. જો કોઈ દેશની આયાત તેની નિકાસ કરતા વધારે હોય, તો તેને દેશની ચાલુ ખાતાની ખાધ કહેવામાં આવે છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ”	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ”	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/કેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ”	૧૩૪	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૫૦	કોપરેલ	૭૨૦૦